શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ

૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872


# ગુજરાતમિત્ર


તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC Indian Steel Corporation Ltd. · durashine TATA BLUESCOPE STEEL · TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ બીજ શુક્રવાર ૨૦ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


## ઈરાનનો ઈઝરાયેલી રિફાઈનરી પર મિસાઈલ હુમલો

# ભયાનક 'ઓઈલ વોર'





**ઇઝરાયેલે** ઇરાનના મોટા ગેસ ફિલ્ડ પર હુમલો કર્યા બાદ ઈરાનનો વળતો પ્રહાર

**અખાતી** દેશોના ઓઇલ-ગેસ ફિલ્ડો પર ઇરાનના હુમલા

**અમેરિકી** F-35 ફાઈટર જેટ પર પણ નિશાન

**દુબઈ, તા. 19:** પશ્ચિમ એશિયાનું યુદ્ધ હવે અંકુશ બહાર જઈ રહ્યું હોય તેવું જણાય છે. ઈરાને આજે ઈઝરાયેલના મહત્વના બંદર શહેર હાઈફા (Haifa) માં આવેલી ઓઈલ રિફાઈનરી પર સીધો મિસાઈલ હુમલો કર્યો છે. ઈઝરાયેલી મીડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા ફૂટેજમાં રિફાઈનરીમાંથી કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ શકાય છે. આ હુમલાએ ઈઝરાયેલની ઉર્જા સુરક્ષા સામે મોટો ખતરો ઉભો કર્યો છે.

બીજી તરફ, એક ચોંકાવનારા અહેવાલ મુજબ ઈરાન દ્વારા અમેરિકાના અત્યાધુનિક F-35 ફાઈટર જેટ પર પણ હુમલો કરવામાં આવ્યો હોવાની શંકા છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડના પ્રવક્તા કેપ્ટન ટિમ હોકિન્સે પુષ્ટિ કરી છે કે આ જેટ ઈરાન ઉપર કોમ્બેટ મિશન પર હતું ત્યારે તેના પર પ્રહાર થયો હતો, જેના કારણે તેને મધ્ય પૂર્વમાં આવેલા યુએસ એરબેઝ પર તાત્કાલિક ઈમરજન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી. હાલ આ ઘટનાની તપાસ ચાલી રહી છે.

ઈરાને ગુરુવારે અખાતી પ્રદેશમાં તેલ અને કુદરતી ગેસના મથકો પરના તેના હુમલાઓ તેજ કર્યા છે, જેનાથી યુદ્ધમાં જોખમ વધ્યું છે અને વૈશ્વિક અર્થતંત્રમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઈઝરાયેલ દ્વારા ઈરાનના એક મુખ્ય ગેસ ક્ષેત્ર પર કરવામાં આવેલા હુમલાના વળતા જવાબમાં આ પ્રહારો કરવામાં આવ્યા હતા, જેના કારણે ઈંધણના ભાવમાં ભારે ઉછાળો આવ્યો છે અને ઈરાનના પાડોશી આરબ દેશો સીધા આ સંઘર્ષમાં ખેંચાય તેવું જોખમ ઊભું થયું છે. તેહરાન દ્વારા ઊર્જા ઉત્પાદનને નિશાન બનાવવાથી વૈશ્વિક પુરવઠા પર દબાણ વધ્યું છે, જે પહેલેથી જ હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનના વર્ચસ્વને કારણે તણાવમાં હતું; આ એક એવો વ્યૂહાત્મક જળમાર્ગ છે જ્યાંથી વિશ્વના કુલ તેલ પુરવઠાનો પાંચમો ભાગ પસાર થાય છે.

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા યુદ્ધ શરૂ કરવામાં આવ્યા બાદ, ઈરાનના ટોચના નેતાઓ હવાઈ હુમલામાં માર્યા ગયા છે અને દેશની સૈન્ય ક્ષમતાઓ પણ ઘણી નબળી પડી છે. તેમ છતાં, ઈરાન, જેનું નેતૃત્વ હવે યુદ્ધની શરૂઆતમાં જ માર્યા ગયેલા સર્વોચ્ચ નેતાના પુત્ર સંભાળી રહ્યા છે તે હજુ પણ મિસાઈલ અને ડ્રોન હુમલાઓ કરવા માટે સક્ષમ છે, જે તેના પાડોશી આરબ દેશો અને તેમના ઊર્જા ઉત્પાદન પર નિર્ભર વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી રહ્યું છે. આ પ્રદેશમાં જહાજો માટેના જોખમને

...અનુસંધાન પાના 15 પર

### ઇરાનનું ભવિષ્ય અમેરિકી લશ્કર નક્કી કરશેઃ હેગસેથ

વોશિંગ્ટનમાં સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકી સૈન્ય ઈરાનના ભાગ્ય પર નિયંત્રણ ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, ઈરાન પાસે સાચી પસંદગી કરવાની ક્ષમતા છે. તેહરાને હવે પછી આરબ સાથી દેશો કે અન્ય આરબ દેશોને નિશાન બનાવીને મુશ્કેલીઓ ઊભી કરવી જોઈએ નહીં, તેવી મુશ્કેલીઓ જે તેમણે પોતે જ પોતાના માટે ઊભી કરી છે. ટ્રમ્પ પ્રશાસને યુદ્ધના વિવિધ ઉદ્દેશ્યો ટાંક્યા છે, જેમાં ઈરાનની મિસાઈલ ક્ષમતા અને તેના પરમાણુ કાર્યક્રમને નબળો પાડવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ઈરાનના વરિષ્ઠ નેતાઓને ઠાર કરવા તે પણ અમેરિકા અને ઈઝરાયેલ માટે પ્રાથમિકતા રહી છે.

### વધતો જતો મૃત્યુઆંકઃ ઇરાનમાં ૧૩૦૦થી વધુના મોત

યુદ્ધ દરમિયાન ઈરાનમાં 1,300 થી વધુ લોકો માર્યા ગયા છે. લેબનોન સરકારના જણાવ્યા અનુસાર, લેબનોનમાં ઇઝરાયેલના હુમલાઓમાં લેબેનોનમાં 1,000થી વધુ લોકો માર્યા ગયા હોવાનું કહેવાય છે. ઇઝરાયેલમાં ઈરાની મિસાઈલ હુમલાઓમાં 15 લોકોના મોત થયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગત રાત્રે ઈરાની મિસાઈલ હુમલામાં અધિકૃત વેસ્ટ બેંકમાં પણ ચાર લોકો માર્યા ગયા હતા. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 13 યુએસ લશ્કરી સભ્યો પણ માર્યા ગયા છે.

## અખાતી દેશોના અનેક ઉર્જા કેન્દ્રો પર ઈરાનના હુમલા

ઇઝરાયેલમાં પણ ઇરાને હુમલાઓ કરતા લોકો શેલ્ટરો તરફ દોડ્યા(પેટા)

કતાર, સાઉદી અરેબિયા અને યુએઇ( UAE )એ ઈરાની હુમલાઓની નિંદા કરી હતી. આરબ લીગના સેક્રેટરી-જનરલ અહેમદ અબુલ ઘેતે આ હુમલાઓને ખતરનાક ઉશ્કેરણી ગણાવ્યા હતા. પરંતુ ઈરાને પીછેહઠ કરવાના કોઈ સંકેત આપ્યા નથી. સાઉદી અરેબિયાએ જણાવ્યું હતું કે રાતા સમુદ્રના બંદર શહેર યાનબુમાં આવેલી તેની SAMREF રિફાઇનરી પર હુમલો થયો હતો. સાઉદી અરેબિયાએ હોર્મુઝની સામુદ્રધુનીથી બચવા માટે લાલ સમુદ્ર તરફ પશ્ચિમ દિશામાં તેલનો મોટો જથ્થો પંપ કરવાનું શરૂ કર્યું હતું. વિશ્વ બજારો માટે કુદરતી ગેસનો મુખ્ય સ્રોત એવા કતારે જણાવ્યું હતું કે, ઇરાની મિસાઇલોએ રાસ લફાન LNG સુવિધાને નિશાન બનાવતા મોટું નુકસાન થયું છે, જ્યાં અગાઉના હુમલાઓ બાદ ઉત્પાદન પહેલેથી જ બંધ કરી દેવામાં આવ્યું હતું. આ સુવિધાને થયેલું નુકસાન યુદ્ધ સમાપ્ત થયા પછી પણ બજારમાં પુરવઠો પહોંચાડવાની કતારની ક્ષમતામાં વિલંબ કરી શકે છે.

સ્થાનિક સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, કુવૈતમાં બે રિફાઇનરીઓ અને અબુ ધાબીમાં ગેસ કામગીરીને પણ ઈરાન દ્વારા નિશાન બનાવવામાં આવી હતી. ઈઝરાયેલમાં, દેશના મોટા ભાગોને નિશાન બનાવીને કરવામાં આવેલા અડધા ડઝનથી વધુ ઈરાની હુમલાઓએ લાખો લોકોને આશ્રયસ્થાનોમાં જવા મજબૂર કર્યા હતા. આ હુમલાઓને કારણે ઈમારતોને નુકસાન થયું હતું, પરંતુ કોઈ મોટી જાનહાનિના અહેવાલ નથી.

**ટ્રમ્પની મોટી ધમકી**

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેહરાનને કડક ચેતવણી આપતા કહ્યું છે કે જો ગલ્ફના એનર્જી મથકો પર હુમલા ચાલુ રહેશે, તો અમેરિકા ઈરાનના સાઉથ પાર્સ ગેસ ફિલ્ડને 'ભયાનક રીતે ઉડાવી દેશે'.

## જહાજો પાસેથી 'ટ્રાન્ઝિટ ફી' વસૂલવાની તૈયારી

**તેહરાન, તા. 19.** એક સાંસદે ગુરુવારે જણાવ્યું હતું કે, ઈરાન હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા જહાજો પર ટ્રાન્ઝિટ ફી વસૂલવાની દરખાસ્ત પર વિચાર કરી રહ્યું છે.

આ પગલું આ વ્યૂહાત્મક જળમાર્ગ પર તેહરાનની નવી પકડ દ્વારા આર્થિક લાભ મેળવવાનો સંભવિત પ્રયાસ છે, જ્યાંથી વિશ્વના પાંચમા ભાગનું તેલ અને લિક્વિફાઈડ ગેસ પસાર થાય છે.

ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલ યુદ્ધની શરૂઆતથી તેહરાને તે જહાજો માટે દરિયાઈ પરિવહન ખોરવી નાખ્યું છે જે તેના મતે તેના વિરોધી દેશો અને તેમના સાથીઓ સાથે જોડાયેલા છે.

ઈરાનિયન સ્ટુડન્ટ્સ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, સાંસદે કહ્યું હતું કે, સંસદ એક બિલ પર વિચાર કરી રહી છે જે હેઠળ શિપિંગ, એનર્જી ટ્રાન્ઝિટ અને ખાદ્ય

...અનુસંધાન પાના 15 પર

## વાવાઝોડામાં મુંદ્રા પોર્ટ પર કન્ટેનરો ઉડ્યા

**ગુજરાતમાં** કરા સાથે માવઠું, વાવાઝોડા જેવી સ્થિતિ, ખેડૂતોમાં ચિંતા વધતી

**રાજકોટ** તાલુકામાં 1.38 ઈંચ વરસાદ , રાજયમાં સરેરાશ 36 તાલુકાઓમાં વરસાદ

**ગાંધીનગર :** ગુજરાતના વાતાવરણમાં અચાનક આવેલા પલટાએ સમગ્ર રાજ્યમાં હાહાકાર મચાવ્યો છે. ભરઉનાળે સૌરાષ્ટ્ર-કચ્છ સહિત અનેક વિસ્તારોમાં ગાજવીજ, કરા અને તેજ પવન સાથે કમોસમી વરસાદ વરસતા જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે, જ્યારે ખેડૂતો માટે આ પરિસ્થિતિ પડતા પર પાટું સમાન સાબિત થઈ રહી છે.રાજ્યમાં આજે વાવાઝોડા

...અનુસંધાન પાના 15 પર

### વાવાઝોડા જેવી સ્થિતિ, પોર્ટ પર અફરાતફરી

કચ્છ જિલ્લાના મુંદ્રા પોર્ટ પર ભારે પવનના કારણે મહાકાય કન્ટેનરો રમકડાંની જેમ હવામાં ઉડીને વેરવિખેર થઈ ગયા હતા. CT-3 ટર્મિનલ પર લંગરાયેલું વિશાળ જહાજ પણ દોરા તૂટી જતાં દરિયામાં ખસી ગયું. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોર્ટ વિસ્તારમાં વાહન વ્યવહાર તાત્કાલિક બંધ કરવામાં આવ્યો હતો.

### સૌરાષ્ટ્રમાં કરા સાથે વરસાદ, નુકસાનની ભીતિ

રાજકોટ, મોરબી, બોટાદ, જુનાગઢ, અમરેલી, દ્વારકા અને પોરબંદર સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ અને કેટલાક સ્થળોએ કરા પડ્યા હતા. રાજકોટમાં લગભગ એક ઈંચ વરસાદ નોંધાતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. ગોંડલ અને ઉપલેટા સહિતના વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

### ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ધૂળની આંધી

સાબરકાંઠાના હિંમતનગરમાં ભારે પવનના કારણે ધૂળની ડમરીઓ ઉડી હતી અને દુકાનોના બોર્ડ તથા મંડપો ઉડી ગયા હતા. પાટણ અને બનાસકાંઠામાં પણ મોડી રાત્રે માવઠું પડતાં વીજળી ગુલ થવાના બનાવો બન્યા હતા. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વહેલી સવારે ધૂળભર્યા પવનથી વિઝિબિલિટી ઘટી ગઈ હતી.

### પાવાગઢમાં રોપ-વે સેવા બંધ, ખેતી પર સંકટ

પંચમહાલ જિલ્લાના પાવાગઢ ડુંગર પર ભારે પવન અને ધુમ્મસને કારણે સુરક્ષાના ભાગરૂપે રોપ-વે સેવા તાત્કાલિક બંધ કરવી પડી હતી, જેના કારણે યાત્રિકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. કમોસમી વરસાદ અને કરાને કારણે ઘઉં, જીરું, ચણા, તુવેર, એરંડા તેમજ કેરી સહિતના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખાસ કરીને મોરબી અને કચ્છમાં મીઠાના અગરોને પણ ભારે નુકસાન થયું છે.

### એલર્ટ જાહેર, આગામી 48 કલાક મહત્વના

હવામાન વિભાગે 20 માર્ચ માટે કેટલાક જિલ્લાઓમાં ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે. 50થી 70 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ અને વરસાદની શક્યતા છે. પોરબંદર, દ્વારકા અને કચ્છમાં ભારે વરસાદની પણ આગાહી છે. 21 માર્ચે પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા યથાવત છે.આ પરિસ્થિતિ પાછળ પશ્ચિમ રાજસ્થાન ઉપરનું અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન અને ઉત્તર પાકિસ્તાન નજીક સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જવાબદાર હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

## કતારના ગેસ પ્લાન્ટ પર હુમલાથી ક્રૂડ $116ને પાર

**વિશ્વના** 20% LNG સપ્લાય પર બ્રેક હોર્મુઝની સામુદ્રધૂની બંધ થતા વૈશ્વિક અર્થતંત્રમાં ફુગાવાનો ભય

**યુરોપમાં** ગેસના ભાવો ૩૦ ટકા ઉછળ્યા, ગેસના વૈશ્વિક ભાવોમાં પાંચ ટકાનો વધારો

**બેંગકોક, તા. 19:** ઈરાને કતારમાં આવેલી એક મહત્વપૂર્ણ કુદરતી ગેસ ફેસિલિટી, જે વિશ્વના પાંચમા ભાગના ગેસનો પુરવઠો પૂરો પાડે છે, તેમજ કુવૈતમાં બે ઓઈલ રિફાઈનરીઓ પર હુમલો કર્યા બાદ ગુરુવારે વૈશ્વિક તેલ અને કુદરતી ગેસના ભાવમાં ભારે ઉછાળો આવ્યો હતો.

આ હુમલાઓએ એવી આશંકાઓમાં વધારો કર્યો છે કે ટેન્કરની અવરજવર માટે 'હોર્મુઝની સામુદ્રધૂની' બંધ થવાને કારણે સર્જાયેલી ઉર્જા કટોકટી ધારણા કરતા વધુ લાંબી અને વ્યાપક હોઈ શકે છે, જેનાથી તેલ અને ગેસના ઉત્પાદનને કાયમી નુકસાન થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક ગણાતા બ્રેન્ટ ક્રૂડનો ભાવ વધીને બેરલ દીઠ 116.38 ડોલર થયો હતો, જે યુદ્ધ શરૂ થયા પહેલા 73 ડોલરથી ઓછો હતો. કુદરતી ગેસના ભાવ માટેના યુરોપિયન TTF બેન્ચમાર્કમાં ગુરુવારે 24 ટકાનો વધારો જોવા મળ્યો હતો. ઈરાની હુમલામાં કતારમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) ના નિકાસ માટેના રાસ લફાન ટર્મિનલને નિશાન બનાવવામાં આવ્યું હતું. કતાર સામાન્ય રીતે વિશ્વના વપરાશના આશરે 20 ટકા જેટલો LNG સપ્લાય કરે છે, જે જહાજો દ્વારા લઈ જવામાં આવે છે. ડ્રોન હુમલા બાદ આ સુવિધા બંધ કરી દેવામાં આવી હતી. આ ઉપરાંત, મોટાભાગના ટેન્કરો માટે હોર્મુઝની સામુદ્રધૂની બંધ હોવાથી ગેસ ક્યાંય મોકલી શકાય તેવી સ્થિતિ હાલ રહી નથી. આ પહેલા ઈઝરાયેલે ઈરાનના સાઉથ પારસ ગેસ ફિલ્ડ પર હુમલો કર્યો હતો જે વિશ્વનું સૌથી મોટું નેચરલ ગેસ ફિલ્ડ છે અને ઈરાનના ૭૦ ટકા ગેસનું ઉત્પાદન કરે છે. ટ્રમ્પે કહ્યું હતું કે હું આ હુમલા વિશે જાણતો નથી પણ જો ઈરાન કતાર પર હુમલા કરવાનું ચાલુ રાખશે તો તેના સમગ્ર ઓઈલ-ગેસ માળખાને નિશાન બનાવવામાં આવશે.

જો ઈરાનના તેના પાડોશી અખાતી દેશોના ઉર્જા માળખા પરના

...અનુસંધાન પાના 15 પર

## શેરબજારમાં 'બ્લડબાથ': એક જ દિવસમાં રોકાણકારોના 12.87 લાખ કરોડ સાફ

**૨૮ ફેબ્રુઆરીએ** ઇરાન યુદ્ધની શરૂઆત થઇ ત્યારથી અત્યાર સુધી રોકાણકારોએ રૂ. ૩૭ લાખ કરોડ ગુમાવ્યા



**નવી દિલ્હી, 19 (PTI):** પશ્ચિમ એશિયામાં ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધતા હુમલાઓને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા ઉછાળાના દબાણ હેઠળ શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. ગુરુવારે બેન્ચમાર્ક સેન્સેક્સ 3 ટકાથી વધુ તૂટતા ઈક્વિટી રોકાણકારોની સંપત્તિમાં રૂ. 12.87 લાખ કરોડનું ધોવાણ થયું છે. 28 ફેબ્રુઆરીએ પશ્ચિમ એશિયામાં સંકટ શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં રોકાણકારોએ 37 લાખ કરોડથી વધુ ગુમાવ્યા છે. પોતાની સતત ત્રણ દિવસની તેજીને વિરામ આપતા, 30 શેરો ધરાવતો BSE સેન્સેક્સ 2,496.89 પોઈન્ટ અથવા 3.26 ટકા ગગડ્યો હતો. BSE લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન એક જ દિવસમાં 12,87,273.89 કરોડ ઘટીને 4,26,13,557.95 કરોડ (4.61 ટ્રિલિયન યુએસ ડોલર) થઈ ગયું છે. BSE મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં 3.34 ટકા અને સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં 2.77 ટકાનો ઘટાડો નોંધાયો હતો.

તા. ૧૯-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૨૩.૦° સે. | ૨૮% |

### આમાંથી ૩૬ સાંસદો ગંભીર ગુનાઓના કેસોનો સામનો કરી રહ્યા છેઃ એડીઆર

**સરેરાશ** સંપત્તિ 120 કરોડ; AAPના સાંસદો સૌથી ધનિક જ્યારે સંત બલબીર સિંહ સૌથી ગરીબ

## રાજ્યસભાના 32% સાંસદો સામે ક્રિમિનલ કેસ; 14% સાંસદો અબજપતિ

**નવી દિલ્હી, તા. 19 (PTI):** એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)ના અહેવાલ મુજબ, રાજ્યસભાના આશરે ૩૨ ટકા બેઠેલા સાંસદોએ પોતાની સામે ક્રિમિનલ કેસો જાહેર કર્યા છે, જ્યારે ૧૪ ટકા અબજપતિ છે.

આ અહેવાલ રાજ્યસભાના ૨૩૩માંથી ૨૨૯ સાંસદોના સોગંદનામાના વિશ્લેષણ પર આધારિત છે. ઝારખંડની એક બેઠક હાલમાં ખાલી છે, જ્યારે ત્રણ સાંસદોના સોગંદનામા ઉપલબ્ધ નહોતા. આ વિશ્લેષણમાં તાજેતરમાં ચૂંટાયેલા ૩૭ સભ્યોનો સમાવેશ થાય છે. વિશ્લેષણ કરાયેલા ૨૨૯ સાંસદોમાંથી, ૭૩ સાંસદો (૩૨ ટકા)એ ફોજદારી કેસો જાહેર કર્યા છે, જેમાંથી ૩૬(૧૬ ટકા) સાંસદો ગંભીર આરોપોનો સામનો કરી રહ્યા છે. એક સાંસદે હત્યાનો કેસ, ચારે હત્યાના પ્રયાસના કેસો અને ત્રણે મહિલાઓ સામેના ગુનાઓ સંબંધિત કેસો જાહેર કર્યા છે.

અહેવાલમાં એ પણ જાણવા મળ્યું છે કે ૩૧ સાંસદો (૧૪ ટકા) અબજો રૂપિયાની નેટવર્થ

...અનુસંધાન પાના 15 પર

### પક્ષવાર ક્રિમિનલ કેસોની વિગત

કુલ 229 સાંસદોમાંથી **73 (32%)** સાંસદોએ પોતાની સામે ફોજદારી કેસો જાહેર કર્યા છે.

| પક્ષ | કુલ સાંસદો | ક્રિમિનલ કેસ ધરાવતા સાંસદો |
|---|---|---|
| ભાજપ | 99 | 27 |
| કોંગ્રેસ | 28 | 12 |
| TMC | 13 | 04 |
| AAP | 10 | 04 |
| અન્ય (CPI-M/BRS) | - | 06 (દરેકના 3-3) |

### ટોચના 3 સૌથી ધનિક સાંસદો

**બંડી પાર્થ સારધિ (BRS):** 5,300 કરોડથી વધુ
**રાજેન્દ્ર ગુપ્તા (AAP):** 5,053 કરોડથી વધુ
**અયોધ્યા રામી રેડ્ડી (YSRCP):** 2,577 કરોડથી વધુ

**સૌથી ઓછી સંપત્તિ ધરાવતા સાંસદોઃ**
**સંત બલબીર સિંહ (AAP):** માત્ર 3 લાખ
**સનાજોબા લેશેમ્બા (ભાજપ):** 5 લાખ
**પ્રકાશ ચિક બરાઈક (TMC):** 9 લાખ

બે સાંસદો પાસે ૫૦ અબજ રૂ. કરતા વધુ મિલકતો, એક પાસે રૂ.૨૫ અબજ કરતા વધુ